# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૩/૦૨/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સરસાણા ખાતે ચાર દિવસીય 'ઉદ્યોગ–૨૦૨૪' પ્રદર્શનનો ભવ્ય શુભારંભ

**ભારતની જીડીપીમાં ૮૩ ટકા યોગદાન વ્યાપાર અને ઉદ્યોગ – ધંધાનું છે ત્યારે ઉદ્યોગકારો અને વેપારીઓએ તેઓના પ્રયત્નોને હજી વધારવા પડશે : ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયા**

**ઉદ્યોગોએ હવે ગ્રીન એનર્જી તરફ જવું પડશે, કાર્બન એમીશન જેટલું ઓછું થશે તેટલું ભાવિ પેઢી માટે સારુ રહેશે, વડાપ્રધાને વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશમાં ૫૦૦ ગીગાવોટ ગ્રીન એનર્જીનું ઉત્પાદન કરવાનું લક્ષ્ય રાખ્યું છે ત્યારે આ લક્ષ્યને હાંસલ કરવા માટે દેશના દરેક નાગરિકને પોતાનું યોગદાન આપવું પડશે : કેપી ગૃપના ચેરમેન તેમજ મેનેજિંગ ડિરેકટર ડો. ફારૂક પટેલ**

**મેક ઇન ઇન્ડિયા અંતર્ગત રક્ષા ક્ષેત્રના શસ્ત્રો ભારતમાં જ બની રહયા છે અને હવે તેમની નિર્યાત પણ થઇ રહી છે ત્યારે એમએસએમઇ ઉદ્યોગકારોને ડિફેન્સ પબ્લિક સેકટરમાં આગળ આવવું જોઇએ : DRDOના ઇન્ડસ્ટ્રી ઇન્ટરફેસ એન્ડ ટેકનોલોજી મેનેજમેન્ટના ડાયરેકટર અરૂણ ચૌધરી**

**ન્યુકિલયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયાએ વર્ષ ૨૦૩૧–૩૨ સુધીમાં ન્યુકિલયર પાવર પ્લાન્ટની ક્ષમતા ૭૪૮૦ મેગાવોટથી વધારીને ૨૨૪૮૦ મેગાવોટ સુધી લઇ જવાનો ટારગેટ રાખ્યો છે : કાકરાપાર એટોમિક પાવર સ્ટેશનના ડાયરેકટર અજય કુમાર ભોલે**

**SMEની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને બેંક દ્વારા પ્રોડકટ ડેવલપ કરાય છે, સોલાર ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકો માટે સૂર્યશકિત સ્કીમ અને ઉદ્યોગકારો માટે નવું બિઝનેસ ટૂલ એન્જીન બનાવ્યું છે : સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના ચીફ જનરલ મેનેજર ક્ષિતિજ મોહન**

**ઉદ્યમ પોર્ટલ પર ગુજરાતના ૧પ લાખ MSME રજિસ્ટર્ડ છે, માત્ર સુરતમાંથી જ ૩ લાખથી વધુના MSME રજિસ્ટર્ડ છે અને તેમના થકી ર૦ લાખ લોકોને રોજગારી પ્રાપ્ત થઇ છે : જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર– સુરતના જનરલ મેનેજર એમ.કે. લાદાણી**

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના સંયુકત ઉપક્રમે આગામી તા. ૨૩, ૨૪, ૨૫ અને ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ચાર દિવસીય 'ઉદ્યોગ– ૨૦૨૪' પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

'ઉદ્યોગ–ર૦ર૪' પ્રદર્શનનો ઉદ્‌ઘાટન સમારોહ શુક્રવાર, તા. ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સેમિનાર હોલ– એ, સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે યોજાયો હતો. જેમાં ઉદ્‌ઘાટક તરીકે કેપી એનર્જી લિમિટેડના ચેરમેન તેમજ મેનેજિંગ ડિરેકટર ડો. ફારૂક પટેલ પધાર્યા હતા અને તેમના વરદ હસ્તે ઉદ્યોગ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO)ના ઇન્ડસ્ટ્રી ઇન્ટરફેસ એન્ડ ટેકનોલોજી મેનેજમેન્ટના ડાયરેકટર અરૂણ ચૌધરીએ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે સ્થાન શોભાવ્યું હતું. જ્યારે કાકરાપાર એટોમિક પાવર સ્ટેશન (NPCIL)ના સ્ટેશન ડાયરેકટર અજય કુમાર ભોલે અને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના ચીફ જનરલ મેનેજર ક્ષિતિજ મોહને સ્પેશિયલ ગેસ્ટ્સ તરીકે ઉપસ્થિત રહી સમારોહની શોભા વધારી હતી. આ ઉપરાંત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર– સુરતના જનરલ મેનેજર એમ.કે. લાદાણી અને ટોરેન્ટ પાવર લિમિટેડ– સુરતના વાઇસ પ્રેસિડેન્ટ નિતિન માલકન અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ સમારોહમાં સર્વેને આવકાર્યા હતા. તેમણે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, ચેમ્બરનું ફલેગશિપ દ્વિવાર્ષિક ઔદ્યોગિક પ્રદર્શન 'ઉદ્યોગ' એ દક્ષિણ ગુજરાતનું સૌથી મોટું ઔદ્યોગિક પ્રદર્શન છે, જેનું આયોજન ચેમ્બર દ્વારા વર્ષ ૧૯૯૮થી કરવામાં આવી રહયું છે. ઉદ્યોગ, પાછલી ૧૩ આવૃત્તિઓમાં ઘણી નવીનતાઓ અને ટેકનોલોજી માટે લોન્ચિંગ પેડ સાબિત થયું છે ત્યારે ઉદ્યોગની ૧૪મી આવૃત્તિ ઉદ્યોગકારોને ઉદ્યોગ–ધંધામાં સફળતાના માપદંડો પાર કરવા જરૂરી પ્લેટફોર્મ પૂરુ પાડશે.

તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે ખૂબ જ સખત મહેનત કરી રહયું છે. ભારત જ્યારે તેની આઝાદીની સુવર્ણ જયંતિ ઉજવશે ત્યારે ભારતની અર્થવ્યવસ્થા ૩૦ ટ્રિલિયન યુએસ ડોલરની બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. એના માટે બે દાયકાના ગાળામાં લગભગ ૯ ગણી વૃદ્ધિની જરૂર છે અને તેના માટે આપણે આગામી ૨૫ વર્ષ સુધી સતત વાર્ષિક ૧૦ ટકા સીએજીઆર પર

વૃદ્ધિ કરવાની જરૂર છે, આથી ભારતને વિશ્વમાં ઇકોનોમિકલ પાવર હાઉસ બનાવવા માટે ઉદ્યોગ, વ્યાપાર અને વ્યવસાયની ભૂમિકા અગત્યની બની રહેશે.

ચેમ્બર પ્રમુખે વધુમાં કહયું હતું કે, ભારતના કુલ જીડીપીમાંથી લગભગ ૨૯.૧ ટકા ઉદ્યોગમાંથી આવે છે અને ૫૩.૧ ટકા સેવાઓમાંથી આવે છે. એટલે કે ભારતની જીડીપીનો ૮૩ ટકા વેપાર, વ્યવસાય અને ઉદ્યોગમાંથી આવે છે, આથી ઉદ્યોગકારો અને વેપારીઓએ પ્રયત્નોને હજી વધારવા પડશે. સીએજીઆર આધારે આપણો ઉત્પાદન વિકાસ દર સરેરાશ ૧૩થી ૧૪ ટકાને વટાવે અને તે જ દિશામાં સેવા ક્ષેત્રને પણ અનુસરવું જોઈએ.

ડો. ફારૂક પટેલ (ચેરમેન તેમજ મેનેજિંગ ડિરેકટર, કેપી એનર્જી લિમિટેડ)એ જણાવ્યું હતું કે, ઉદ્યોગોએ હવે ગ્રીન એનર્જી તરફ જવું પડશે. કાર્બન એમીશન જેટલું ઓછું થશે તેટલું ભાવિ પેઢી માટે સારુ રહેશે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશમાં ૫૦૦ ગીગાવોટ ગ્રીન એનર્જીનું ઉત્પાદન કરવાનું લક્ષ્ય રાખ્યું છે ત્યારે આ લક્ષ્યને હાંસલ કરવા માટે દેશના દરેક નાગરિકને પોતાનું યોગદાન આપવું પડશે. તેમણે કહયું કે, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરત સહિત આખા દેશમાંથી એક્ષ્પોર્ટ વધારવા માટે જે મિશન ૮૪ પ્રોજેકટ તરીકે એક વિઝન હાથ ધર્યું છે તેને બધા ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓએ સહયોગ આપવો જોઇએ.

અરૂણ ચૌધરી (ડાયરેકટર, ઇન્ડસ્ટ્રી ઇન્ટરફેસ એન્ડ ટેકનોલોજી મેનેજમેન્ટ, ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO)એ જણાવ્યું હતું કે, યુ.એસ અને ચીન પછી ભારતીય આર્મી વિશ્વની ત્રીજી સૌથી મોટી રક્ષા ક્ષેત્રે શસ્ત્રોની આયાત કરતી આર્મી હતી. પરંતુ ભારતમાં મેક ઈન ઈન્ડિયાની શરૂઆત થતાં રક્ષા ક્ષેત્રના શસ્ત્રો ભારતમાં જ બનાવવામાં આવી રહયા છે અને હવે તેમની નિર્યાત પણ કરાઇ રહી છે. ભૌગોલિક વિસ્તારમાં નેપાળ, બાંગ્લાદેશ, ચીન, પાકિસ્તાન, શ્રીલંકા સાથેની સરહદો હોવાના કારણે સીઆરપીએફ, બીએસએફ, આઈટીબીપી, પેરામેડિકલ ફોર્સ, પોલિસ ફોર્સની સંખ્યા ભારત વધારે ધરાવે છે, આથી તેમણે એમએસએમઇ ઉદ્યોગકારોને ડિફેન્સ પબ્લિક સેકટરમાં આગળ આવવા આમંત્રિત કર્યા હતા.

અજય કુમાર ભોલે (સ્ટેશન ડાયરેકટર, કાકરાપાર એટોમિક પાવર સ્ટેશન NPCIL)એ જણાવ્યું હતું કે, ન્યુકિલયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા એ ભારતના તમામ એટોમિક પાવર સ્ટેશનનું સંચાલન કરે છે. કાકરાપાર પાવર પ્લાન્ટની ક્ષમતા ૭૦૮૦ મેગાવોટ છે. કુલ ૨૪માંથી ૪ રિએકટર ગુજરાત સ્થિત કાકરાપાર ખાતે છે. ચારમાંથી ૨ રિએકટર ૨૨૦ – ૨૨૦ મેગાવોટના છે. કાકરાપાર સ્ટેશને જે રિએકટર છે એ અત્યાધુનિક રીતે ડિઝાઇન કરવામાં આવ્યા છે, જે હાલની સુરક્ષાના માપદંડોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા છે, જે સંપૂર્ણ સ્વદેશી છે. ગર્વ લેવા જેવી આ બાબત મેક ઇન ઇન્ડિયા અને આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ભારતીય ડિઝાઇનના ૧૪ જેટલા રિએકટર દેશના જુદા–જુદા સ્થળે લગાવવામાં આવી રહયા છે. આવનારા સમયમાં ખૂબ જ ગતિથી ન્યુકિલયર સ્ટેશનોની સ્થાપના કરાશે. ન્યુકિલયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયાએ વર્ષ ૨૦૩૧–૩૨ સુધીમાં ન્યુકિલયર પાવર પ્લાન્ટની ક્ષમતા ૭૪૮૦ મેગાવોટથી વધારીને ૨૨૪૮૦ મેગાવોટ સુધી લઇ જવાનો ટારગેટ રાખ્યો છે.

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના ચીફ જનરલ મેનેજર ક્ષિતિજ મોહને જણાવ્યું હતું કે, SMEની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તેમની બેંક દ્વારા પ્રોડકટ ડેવલપ કરવામાં આવી છે. SME માટે સ્પેશ્યલી ૫૯ બ્રાન્ચ ઓપન કરી છે,

જેમાંથી ૯ બ્રાન્ચ સુરતમાં છે. સોલાર ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકો માટે તેમની બેન્ક દ્વારા સૂર્યશકિત સ્કીમ બનાવવામાં આવી છે. વધુમાં તેમણે કહયું કે, ઉદ્યોગકારો માટે તેમની બેંકે નવું બિઝનેસ ટૂલ એન્જીન લાવી છે. આ ઉપરાંત સ્ટાર્ટ–અપ સેલ અમદાવાદમાં શરૂ કર્યો છે.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર– સુરતના જનરલ મેનેજર એમ.કે. લાદાણીએ જણાવ્યું હતું કે, એગ્રીકલ્ચર પછીનું સૌથી વધુ રોજગાર પૂરૂં પાડતું સેકટર MSME છે. ભારતમાં ઓર્ગેનાઇઝ અને અનઓર્ગેનાઇઝડ ૬ કરોડથી વધુ MSME છે, જેના થકી ૧૨ કરોડ લોકોને રોજગારી મળે છે. ઉદ્યમ પોર્ટલ પર ગુજરાતના ૧૫ લાખ MSME રજિસ્ટર્ડ છે. માત્ર સુરતમાંથી જ ૩ લાખથી વધુના MSME રજિસ્ટર્ડ છે અને તેમના થકી ૨૦ લાખ લોકોને રોજગારી પ્રાપ્ત થઇ છે. તેમણે ભારત સરકાર અને રાજ્ય સરકારની MSME સંબંધિત વિવિધ યોજનાઓ અને એકટ વિશે માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે, અગાઉ રૂપિયા ૧૦ કરોડ સુધીના બિઝનેસનો એમએસએમઇમાં સમાવેશ થતો હતો, પરંતુ ભારત સરકારે ઉદ્યોગ સાહસિકોની મહત્વકાંક્ષાને ઘ્યાને રાખી તેમાં ફેરફાર કરીને રૂપિયા ૫૦ કરોડ સુધીના બિઝનેસનો એમએસએમઇમાં સામેલ કર્યો છે. જેથી કરીને ઉદ્યોગ સાહસિક સરકારની યોજનાઓનો લાભ લઈ પોતાના વ્યવસાયમાં એક નવો આયામ હાંસલ કરી શકે.

ટોરેન્ટ પાવર લિમિટેડ– સુરતના વાઇસ પ્રેસિડેન્ટ નિતિન માલકને પોતાના ઉદ્‌બોધનમાં રાઇટ કવોલિટી, ઇકવીપમેન્ટ અને રાઇટ કવોલિટી ઓફ નેટવર્થ અને પ્રોટેકશન વિશે માહિતી આપી હતી.

ઉદ્યોગ એકઝીબીશનના ચેરમેન ભાવેશ ટેલરે જણાવ્યું હતું કે, સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટરમાં કુલ ૧,૧૦,૦૦૦ ચોરસ ફુટ વિસ્તારમાં ઉદ્યોગ પ્રદર્શન યોજાયું છે. જેમાં ટેક્ષ્ટાઈલ એન્સીલરી, ઇલેકટ્રીકલ, ઇલેકટ્રોનિકસ એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશન સેગમેન્ટ, એન્જીનિયરીંગ સેગમેન્ટ, એન્વાયરમેન્ટ સેગમેન્ટ, સર્વિસ સેગમેન્ટ, અલ્ટર્નેટ એન્ડ રિન્યુએબલ એનર્જી સેગમેન્ટ, બેન્કીગ એન્ડ ફાયનાન્સ, કન્ટ્રી, સ્ટેટ, ગર્વમેન્ટ પીએસયુ એન્ડ કોર્પોરેટ પેવેલિયન અને ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ સિકયુરીટીના ઉત્પાદકો દ્વારા તેમની પ્રોડકટ્સ અને સર્વિસિસનું પ્રદર્શન કરવામાં આવી રહયું છે.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. માનદ્‌ મંત્રી નિખિલ મદ્રાસીએ સમારોહનું સંચાલન કર્યું હતું. તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, માનદ્‌ ખજાનચી કિરણ ઠુમ્મર, ઓલ એકઝીબીશન્સ ચેરમેન બિજલ જરીવાલા, પૂર્વ પ્રમુખો, ગૃપ ચેરમેનો,મેનેજિંગ કમિટીના સભ્યો, ઉદ્યોગકારો અને વેપારીઓ સમારોહમાં ઉપસ્થિત રહયા હતા.